પૂર્વછાયો- સુંદર શહેર સુરતના, સતસંગી સર્વ સુજાણ ।
પ્રભુજી ત્યાં પધારિયા, જન હેતે જીવનપ્રાણ ॥૧॥

ચોપાઇ- પછી ત્યાંથી ચાલિયા દયાળ, દીઠી વાટે વાટિકા વિશાળ।
જોઇ જાયગા સુંદર સારી, વહે પાસે નિરમળ વારી ॥૨॥
તિયાં વિવિધ્યનાં વેલી વન, બીજાં જનને રહેવા ભવન ।
તિયાં ઉતરીયા અવિનાશ, આવ્યા દરશને બહુ દાસ ॥૩॥
લાવ્યા હાર પૂજા બહુ પેર, આવ્યા જન જેમ સિંધુલેર ।
કરી પૂજા લાગે સહુ પાય, વાલા આવા રહેજયો ઉરમાંય ॥૪॥
એમ સ્તવન કરે બહુ જન, કહે ભલે આવ્યા ભગવન ।
આજ અમપર અઢળ ઢળ્યા, બહુ દનના વાયદા વળ્યા ॥૫॥
એવી સાંભળી દાસની વાણી, હેતે બોલાવ્યા પોતાના જાણી ।
પછી જને કરાવ્યાં ભોજન, જમ્યા ભાવ જોઈ ભગવન ॥૬॥
જમ્યા સખા બહુ મુનિજન, પછી થઈ સંધ્યા વીત્યો દન ।
રહ્યા રાત્ય સુખે એહ ઠામે, પછી શું શું કર્યું સુખધામે ॥૭॥
પોઢી જાગિયા જીવનપ્રાણ, કરવા બહુ જીવનાં કલ્યાણ ।
કર્યો નિત્ય વિધિ તે દયાળે, દયાસિંધુ દીનપ્રતિપાળે ॥૮॥

ત્યાંથી ઉઠ્યા પોતે ભગવાન, દિધાં દાસને દર્શન દાન ।
પછી જન લાવ્યા સુખપાલ, સુંદર દર્પણે દિશે વિશાલ ॥૯॥
તેણે બેઠા પછી બહુનામી, અલબેલોજી અંતરજામી ।
વાજે વાજીંત્ર આગે અપાર, ધાયાં દરશને સહુ નરનાર ॥૧૦॥
ધીરે ધીરે ધરે પગ ભોઈ, જન મગન થયા નાથ જોઈ ।
પછી શિવાલય ગયા સુજાણ, કરવા બહુ જીવનાં કલ્યાણ ॥૧૧॥
ત્યાંથી વળ્યા છે દીનદયાળ, કહ્યું જન થયો પ્રભુ થાળ ।
હતી રસોઈ નજીક પાસ, જને જમાડિયા અવિનાશ ॥૧૨॥
પછી પ્રેમેશું પૂજીયા નાથ, સુંદર વસ્ત્ર પહેરાવિયાં હાથ ।
ચર્ચ્યાં ચંદન અત્તર ભારી, અર્પિ હાર આરતી ઉતારી ॥૧૩॥
પછી આગે ઉભા જોડી હાથ, જયજય બોલે મુખે ગાથ ।
પૂજી નાથ લીધો લાવો ભારે, પછી પ્રભુજી આવ્યા ઉતારે ॥૧૪॥
તિયાં શોભે સુંદર આંબલી, ઘણી ઘાટિ છે છાંયા જો ભલી ।
તિયાં બેઠા આવી બહુનામી, અલબેલો જે અંતરજામી ॥૧૫॥
કહે મુનિ પ્રત્યે ભગવંત, જમી સજજ થાઓ સહુ સંત ।
આજ જાવું છે શહેરમાં સહુને, દેવા દર્શન જન બહુને ॥૧૬॥
એવી વાત કરી જ્યારે વાલે, માની લીધી તે સહુ મરાલે ।
ત્યાંતો ત્યાર થયાંતાં ભોજન, જમી સજજ થયા મુનિજન ॥૧૭॥
એમ કરતાં વીતિ ઘડી ચાર, આવ્યો સામો શહેર સરદાર ।
તેનું નામ અર્દેશરજી છે, અતિ ડાહ્યો જાતે પારશી છે ॥૧૮॥
મોટા પુરાણી પંડિત સંગે, આવ્યો તેડવા અતિ ઉમંગે ।
રથ વેલ્ય પાલખી પેદળ, બહુ વાજીંત્ર સંગે સબળ ॥૧૯॥
આવી લાગ્યો પ્રભુજીને પાય, નિર્ખિ હરખ્યો અતિ મનમાંય ।
પછી અલબેલો અઢળ ઢળ્યા, નાથ બાથ ભરી તેને મળ્યા ॥૨૦॥
નાથ કહે સુખી છો તન મને, કહે સુખી હું આજ દર્શને ।
બહુ દિનની જોતોતો વાટ, વાલા તમારાં દર્શન માટ ॥૨૧॥
બહુ તાણ્યું તમે અમ સાથે, આજ મહેર કરી મુજ માથે ।

જેમ આવ્યા છો આજ લહેરમાં, તેમ નાથ પધારો શહેરમાં ॥૨૨॥
કરે દર્શન સહુ નરનાર, થાય બહુ જીવ ભવપાર ।
નાથ કહે સારું ચાલશું ત્યાંઈ, પણ રહેવા રૂડું બહુ આંઈ ॥૨૩॥
પછી તર્ત થયા અસવાર, ચાલ્યા સુરત શહેર મોઝાર ।
આગે પલટણ પાળા અપાર, બીજાં મનુષ્ય હજારો હજાર ॥૨૪॥
વાજે વિવિધનાં વાજાં વળી, ઢોલ ત્રાંસા કાંસાં ને વાંસળી ।
ભેરી ભુંગળ રણશિંગાં તૂરી, રૂડી શરણાયું સ્વર પૂરી ॥૨૫॥
થાય ઘોર નગારાંની ઘણી, બહુ શોભે અસવારી બણી ।
ચાલે ધીરે ધીરે પગ ધરે, જુવે જન તેનાં મન હરે ॥૨૬॥
શોભે શ્યામળો સુંદર ઘોડે, સારા સખા બીજા બહુ જોડ્યે ।
શોભે સુરવાળ શ્વેત અંગી, શિશે રેંટો કસુંબી સોરંગી ॥૨૭॥
ઢોળે ચમર તે પર દાસ, શોભે અતિરૂડા અવિનાશ ।
કેડે રથ વેલ ગાડી ઘણી, બહુ શોભા પાલખીની બણી ॥૨૮॥
એમ શોભે છે બહુ સમાજ, ચાલ્યા મુનિ સંગે મહારાજ ।
બીજાં બહુ જન સંગે સુજાણ, ચાલ્યા જેમ ઉલટ્યો મેરાણ ॥૨૯॥
ચડી ગર્દ ઢંકાણો ગગન, જેમ ઘટા કાઢી ચડ્યો ઘન ।
એવી રીત્યે પ્રભુજી પધાર્યા, જનને મન મોદ વધાર્યા ॥૩૦॥
આવ્યા શહેરમાં સુંદર શ્યામ, ધાયાં દર્શને પુરુષ ને વામ ।
આવી ઉભા છે બહુ બજારે, લેખું ન થાય લાખ હજારે ॥૩૧॥
કૈક ચડ્યાં અટારી ઝરુખે, કૈક ગઢ ઘર વળી ગોખે ।
પહેરી નીલી પીળી લાલ સાડી, શ્વેત શોભે જેમ ફુલવાડી ॥૩૨॥
જેમ વ્યોમે વિમાનની હાર, એમ ઉંચાં ચડ્યાં નરનાર ।
હાથ જોડી બોલે એમ જન, જયજય નાથ ધન્ય ધન્ય ॥૩૩॥
ભલે પધારિયા તમે નાથ, આજ સહુ અમે થયાં સનાથ ।
તેની વંદના માની મોરાર, આવ્યા ઉતારે વાડી મોઝાર ॥૩૪॥
પછી બેઠા અગાશિએ આપ, નિર્ખિ બહુ જન થયા નિષ્પાપ ।
દેતાં દર્શન આથમ્યો દન, પછી ભૂધરે કર્યાં ભોજન ॥૩૫॥

જમી પોઢીયા પ્રાણ આધાર, વીતી રજની થયું સવાર ।
ત્યારે જાગિયા જગજીવન, દીધાં સહુ જનને દર્શન ॥૩૬॥
પછી હિંડોળો સુંદર સાર, લાવ્યો ભાવે ભગત સુતાર ।
તે ઉપર બેઠા અવિનાશ, નિર્ખિ મગન થયાં નિજદાસ ॥૩૭॥
તિયાં વાજે વાજીંત્ર અપાર, જેજે શબ્દ બોલે નરનાર ।
ગાન તાને ગાય ગુણિજન, કરે મુનિજન કીરતન ॥૩૮॥
આવે લોક હજારે હજાર, કરે દરશન નરનાર ।
થાય રસોઈ સુંદર સારી, જમાડે જન પંક્તિ બેસારી ॥૩૯॥
અતિ આનંદ ઉત્સવ થાય, બહુ હર્ષ ભર્યા દિન જાય ।
એમ કરતાં વીત્યા દિન દોઈ, બોલ્યો પુરપતિ રાજી હોઈ ॥૪૦॥
બહુ મતપંથ છે સંસાર, તેતો દામ ને વામના યાર ।
આતો ધન ત્રિયા દોય ત્યાગી, જેની લગની સાહેબશું લાગી ॥૪૧॥
આવા સંત નથી જગમાંય, એનાં દરશન કહો કેમ થાય ।
મહેર કરી એ આંહિ પધારે, નહિ તો અવશ્ય જાવું ત્યાં મારે ॥૪૨॥
એવો ભાવ ભૂપતિનો જાણી, પોતે પધાર્યા સારંગપાણી ।
અતિ આદર દઈ રાજન, પૂછ્યા પૂછવા જેવા જે પ્રશ્ન ॥૪૩॥
તેનો ઉત્તર દીધો દયાળ, સુણી રાજી થયો છે ભૂપાળ ।
કહી સંપ્રદાય ઉધ્ધવી રીત્ય, લખી લીધી રાયે કરી પ્રીત્ય ॥૪૪॥
પછી બહુ કરી સનમાન, પધરાવ્યા પાછા ભગવાન ।
બીજા રાજા રહે પુરમાંઇ, પ્રભુ પધારિયા વળી ત્યાંઇ ॥૪૫॥
તેણે અતિ કર્યું સનમાન, ભાવે ભરી પૂજયા ભગવાન ।
ચુવા ચંદન ગુલાબ વારી, આણ્યું અત્તર સુગંધી ભારી ॥૪૬॥
તેણે પૂજી પછી જોડ્યા હાથ, કરી સ્તવન નામિયું માથ ।
કહે ભલે પધાર્યા મહારાજ, થયા પાવન સહુ અમે આજ ॥૪૭॥
એમ કરી વિનતિ ભૂપાળ, પાછા પધરાવિયા દયાળ ।
પછી શિરપાવ છાબ ભરીને, લાવ્યા ઉતારે આપ્યા હરિને ॥૪૮॥
વળતે દિવસ અરદેશરે, પ્રભુ પધરાવ્યા નિજઘેરે ।

સર્વે મુનિ સહિત મહારાજ, પધરાવ્યા સમારી સમાજ ॥૪૯॥
દીપ મશાલો મેતાબુ વાશી, બહુ કાંચ હાંડિયો પ્રકાશી ।
મધ્યે ઢોલિયો સુંદર ઢાળી, તેપર પધરાવ્યા વનમાળી ॥૫૦॥
પછી પૂજીયા દીનદયાળ, ત્યાર પછી પૂજીયા મરાળ ।
પછી થયા ઉત્તર ને પ્રશ્ન, કર્યાં સંતે પછી કીરતન ॥૫૧॥
સુણી રાજી થયા સહુ જન, પછી ત્યાંથી ચાલ્યા ભગવન ।
આવી ઉતારે રજની રહ્યા, જમી સવારે સાબદા થયા ॥૫૨॥
આવ્યા વળાવવા સહુ મળી, બહુ ગાજતે વાજતે વળી ।
ધીરે ધીરે દેતા દરશન, આવ્યા પુર બહારા ભગવન ॥૫૩॥
બેઠા બાગ મસ્તુમાં બે ઘડી, આપી અર્દેશરને પાઘડી ।
પછી તર્ત થયા અસવાર, આવ્યા ગામ કોશાલ મોઝાર ॥૫૪॥
રહી રાત્ય બેઠા રથે રાજ, ખાંતે ખેડવા સારુ મહારાજ ।
આપે સારથી થઈ સુજાણ, કર્યાં અંકલેશ્વરે મેલાણ ॥૫૫॥
ત્યાંથી નર્મદા ઉતરિયા નાથ, પછી વેરિયો મુનિનો સાથ ।
પોતે આવિયા કેલોદ ગામ, રહી રાત્ય ત્યાં ચાલિયા શ્યામ ॥૫૬॥
આવ્યા આમોદમાં દયા કરી, જમ્યા સખા સહિત શ્રીહરિ ।
પછી તર્ત કરી છે તૈયારી, ચાલ્યા જનતણા હિતકારી ॥૫૭॥
આવ્યા કારેલી ગામે કૃપાળુ, મહી સહિ ઉતર્યા દયાળુ ।
પછી રહ્યા બદલપુરે રાત, ત્યાંથી પધારિયા પરભાત ॥૫૮॥
આવ્યાં આડાં ખંભાતનાં જન, તેને દઈ ચાલ્યા દરશન ।
ત્યાંથી આવ્યા ગુડેલે ગોપાળ, કર્યાં આપે ત્યાં શાક રસાળ ॥૫૯॥
જમી જમાડિયા નિજજન, પછી ત્યાંથી ચાલ્યા ભગવન ।
આવી રાત્ય ધોલેરામાં રહ્યા, ત્યાંથી કારીયાણિયે આવિયા ॥૬૦॥
એમ કરી બહુનાં કલ્યાણ, આવ્યા ગઢડે શ્યામ સુજાણ ।
સારા વરષમાં સુખરાશી, માગશર શુદી એકાદશી ॥૬૧॥
તેદિ આવિયા સુરત જઈ, જન બહુને અભયદાન દઈ ।
કર્યો દિગ્વિજય જગમાંઈ, ખોટા ગુરુ રહ્યા ખત્તા ખાઈ ॥૬૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ
મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે મહારાજ સુરત
પધાર્યા ને અર્દેશરને પાઘ આપી એ નામે પંચાણું મું પ્રકરણમ્ ॥૯૫॥